## નિંબારપાડામાં આદિવાસી પારંપરિક વાજિંત્ર પાવરીના નાદ પર ગરબાની રમઝટ જામી


ગિરીશ ભોયે

સાપુતારા: વઘઈ તાલુકામાં આવેલ નિંબારપાડા ગામે બાંધકામ ખાતાનાં અધ્યક્ષ ચંદરભાઈ ગાવિત દ્વારા નવરાત્રિનું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ છે. નવરાત્રિમાં આદિવાસી પારંપરિક વાજીંત્ર પાવરીના સુરના તાલે ખેલૈયાઓ ઝૂમીને આનંદ માણ્યો હતો. ગરબા રસીકોએ આરતી મહાપ્રસાદનો લાભ લઈ ગરબા રમવાની રમઝટ જમાવી હતી. જેમાં બાળકો વૃદ્ધો અને મોટાભાગે યુવા પેઢી ગરબે ઘૂમતી જોવા મળી રહી હતી. નવરાત્રિના આયોજનમાં બાંધકામના અધ્યક્ષ ચંદર ગાવિત, માજી સરપંચ નગીન ગાવિત, ગામનાં પોલીસ પટેલ, કારોબારી સભ્ય, ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને ગામનાં સભ્યો દ્વારા મહત્વનો ફાળો અને શ્રમદાનથી આયોજનમાં કોઈ પણ જાતની કરકસર ન રહી જાય તેની કાળજી રાખવામાં આવી રહી છે. સનાતન સંસ્કુતિની જાળવણી માટેનો સંદેશો આપવામાં આવી રહ્યો છે.

# ક્વોરી ઉદ્યોગની હડતાળ: બાંધકામ ઉદ્યોગ ફિક્સમાં મુકાયો

**હડતાળના** પગલે સામી દિવાળીએ કામો પર બ્રેક લાગી, વિકાસ કામો પર પણ અસર, શ્રમિકોની હાલત કફોડી બની



નવસારી, ધેજ: લેખિત બાંહેધરી બાદ પણ સરકાર દ્વારા ક્વોરી ઉધોગના પાયાના પ્રશ્નોનું નિરાકરણ ન આવતા સમગ્ર રાજ્ય સાથે ચીખલી તાલુકામાં પણ બીજી ઓક્ટોબરના રોજથી ક્વોરી ઉધોગકારો હડતાળ પર જતા હાલે બાંધકામ ઉધોગ ઠપ્પ થઈ જવાને આરે છે. સામાન્ય લોકો પોતાના નવા ઘર માટે વિજયા દશમી દિવસે મુહૂર્ત કરતા હોય છે. આ ઉપરાંત બાંધકામના વ્યવસાયકારો પણ આ દિવસથી નવા બાંધકામની શરૂઆત કરતા હોય છે.

ઉપરોક્ત સ્થિતિમાં તાલુકામાં એક સપ્તાહથી ક્વોરી ઉધોગ સજ્જડ બંધ છે. કપચીઓમાંથી ખનીજનું વહન, ઉત્પાદન પર સંપૂર્ણપણે બ્રેક લાગી જવા પામી છે. ત્યારે માલ-સામાનને અભાવે વિજયા દશમીએ થતા બાંધકામના મુહૂર્ત ટલ્લે ચઢવા સાથે બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલા અનેક લોકોને રોજગારી પણ મળશે નહીં તેવી સ્થિતિ નિર્માણ થવા પામી છે.

ચીખલીના ક્વોરી વિસ્તારમાંથી દિવસભર મોટાપાયે ખનીજનું વહન કરતા હજ્જારો ટ્રકોના પૈડાં થંભી જવા પામ્યા છે. અને ટ્રક માલિકોએ પણ આવક ગુમાવવાની નોબત આવી છે. કાટીંગના વ્યવસાય તથા ક્વોરી ઉધોગ સાથે સંકળાયેલા હજ્જારો લોકો હાલ સામી દિવાળીએ બેરોજગાર બનવા પામ્યા છે.

આ ઉપરાંત સરકારના પણ અનેક રોડ, પુલો સહિતના વિકાસના કામો પણ ખોરંભે ચઢવાની સ્થિતિ ઉભી થઇ છે. બીજી તરફ સરકારને પણ રોયલ્ટી, ટેક્ષ પેટે મળતી દૈનિક લાખો રૂપિયાની આવકને પણ ફટકો પડયો છે. જોકે સરકારને કદાચ ફરક ન પડ્યો હશે. પરંતુ ક્વોરી ઉધોગની હડતાળથી હજ્જારો લોકોની દિવાળી બગડે અને બાંધકામ ઉધોગ ઠપ્પ થવા સાથે વિકાસના કામો પણ ખોરંભે ચઢે તેવી સ્થિતિમાં સરકાર પોતાનું વલણ છોડી ક્વોરી ઉધોગના પ્રશ્નોનું ઝડપથી નિરાકરણ લાવે તે જરૂરી છે.

# નવસારીમાં યુવતી સાથે દુષ્કર્મ આચરનાર વિધર્મી યુવકના 6 દિવસનાં રિમાન્ડ મંજૂર

**વિધર્મી** યુવાને રાજ તરીકે ઓળખ આપી લગ્નની લાલચે બળજબરીથી શરીર સંબંધ બાંધ્યો હતો



નવસારી: નવસારી વિધર્મી યુવાને ખોટું નામ અપનાવી હિંદુ યુવતીને પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચર્યુ હતું. જે બાબતે પોલીસે ગુનો નોંધી વિધર્મી યુવાનની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કર્યો હતો. જ્યાં કોર્ટે વિધર્મી યુવાનના 6 દિવસના રિમાંડ મંજુર કર્યા હતા.

મળતી માહિતી મુજબ, નવસારી તાલુકાના અડદા ગામે રહેતા ઝુબેર ખલીફાએ પોતાની ઓળખ રાજ તરીકે આપી એક યુવતી સાથે મિત્રતા કેળવી હતી. ત્યારબાદ ઝુબેરે તે યુવતીને પોતાની ખોટી-ખોટી વાતોમાં ભોળવી દઈ તેણીને પ્રેમજાળમાં ફસાવી દીધી હતી. જેથી યુવતી પણ ઝુબેરની ખોટી વાતોમાં આવી ગઈ હતી. ત્યારબાદ ઝુબેર યુવતીને ગાંધીસ્મૃતિ ઓવરબ્રિજ નીચે આવેલી હેપ્પી સ્ટે હોટલ, રાધે ગેસ્ટ હાઉસ તેમજ અન્ય જગ્યાએ લઈ જઈ બળજબરીથી શરીર સંબંધ બાંધી બળાત્કાર કર્યો હતો. જોકે યુવતીને ઝુબેરની સાચી ઓળખની જાણ થતાં યુવતી ઝુબેરથી અલગ થઈ ગઈ હતી. પરંતુ ત્યારબાદ પણ ઝુબેર તે યુવતીનો પીછો કરી તેણીને હેરાન-પરેશાન કરતો હતો. જેથી આ બાબતે યુવતીએ ઝુબેર ખલીફા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે વિધર્મી આરોપી ઝુબેરની ધરપકડ કરી ઘટનાનું રિ-કન્સ્ટ્રક્શન કર્યું હતું. સાથે જ પોલીસે એરુ ચાર રસ્તા ખાતે ઝુબેરનું સરઘસ કાઢ્યું હતું. જોકે આજે પોલીસે આરોપી ઝુબેરને નવસારી સેશન્સ કોર્ટમાં રજુ કર્યો હતો. જ્યાં પોલીસે આરોપી ઝુબેરના 10 દિવસના રિમાન્ડ માંગ્યા હતા. જોકે કોર્ટે આરોપી ઝુબેરના આગામી 14મી ઓક્ટોબર સુધી 6 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

# ગણદેવી એંધલ હાઈવે પર 200 ગેસ સિલિન્ડર ભરી દોડતા ટેમ્પોમાં આગ

**ત્વરિત** કામગીરીને પગલે આગ કાબૂમાં આવતાં મોટી દુર્ઘટના ટળી



કેરસી બારીયા

બીલીમોરા: ગણદેવી એંધલ હાઈવે નં.48 ઉપર સોમવાર રાત્રે પોણા અગિયાર કલાકે સુરતથી વાપી તરફ જતા ટ્રેક ઉપર ટેમ્પોની કેબિનમાં આગ લાગી હતી. ટેમ્પોમાં ગેસ ભરેલા 200 બાટલાને પગલે મોટી દુર્ઘટનાનો ભય હતો. ગણદેવી પોલીસ, નવસારી, બીલીમોરા અને ગણદેવી ફાયરે ત્વરિત કામગીરીને પગલે આગ કાબૂમાં લીધી હતી. મોટી દુર્ઘટના ટળતા તંત્રએ રાહત લીધી હતી.વાપીની ઈંડેન એજન્સીમાંથી ટેમ્પો નં.જીજે 15 એવી 2451નો ચાલક સીતારામ સંતોષકુમાર રાવત (36 રહે. જીઆઈડીસી ડુંગરી ફળીયા વાપી) સોમવાર સવારે સુરતનાં હજીરા ગયો હતો. જ્યાં ખાલી સિલિન્ડર ઉતારી ત્યાંથી 19 કિલોનાં 180 બાટલા અને 5 કિલોનાં 20 મળી કુલ 200 ગેસ ભરેલા બાટલા લઈ વાપી પરત ફરી રહ્યો હતો. જે ને.હા.નં.48 સુરતથી વાપી તરફ જતા ગણદેવીનાં એંધલ ગામેથી પસાર થતો હતો તે વેળા ટેમ્પોની કેબીનમાં કોઈક કારણોસર આગ લાગી હતી. ચાલકે તરત જ રોડ સાઈડે ટેમ્પો ઉભો કરી પોતે ઉતરી જતા આબાદ બચાવ થયો હતો. નવરાત્રી બંદોબસ્તમાં નીકળેલા ગણદેવી પીઆઇ એજે ચૌહાણ, પીએસઆઇ ડીએમ રાઠોડની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. હાઈવેની બંને બાજુ કીમી દૂર વાહન વ્યવહાર થંભાવી દીધો હતો. નવસારી, ગણદેવી અને બીલીમોરા ફાયર ફાયટરો ઘટનાસ્થળે ધસી આવ્યા હતા અને એક કલાકની જહેમત બાદ આગ કાબુમાં લઈ સિલિન્ડરને સલામત રીતે ઉતારી લીધા હતા.


ગિરીશ ભોયે

# આહવામાં પાણીની લાઈનોમાં ભંગાણ, પાણીનો થતો બગાડ

**પાણી** પુરવઠા વિભાગના અધિકારીઓ અને ગ્રા. પં.ના અધિકારીઓને સમસ્યા દેખાતી નથી!

સાપુતારા: આહવા નગરમાં પાણીની લાઈનોમાં લીકેજ થવા પામેલ છે. જેના કારણે પાણીનો વ્યય થતો જોવા મળી રહ્યો છે. તેમ છતા ગ્રામ પંચાયતના હોદ્દેદારો કે પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ દ્વારા સ્થળ તપાસ કરીને યોગ્ય કામગીરી કરવા માટે પ્રયત્ન સુધ્ધા કરી રહ્યા નથી. સમગ્ર આહવા નગરમાં ઠેર ઠેર પાણીની લાઈનમાં ભંગાણ થયેલ જોવા મળે છે. જેના કારણે સમગ્ર આહવા નગરમાં પાણીનો વ્યય થઈ રહ્યો છે. તેમ છતાં ગ્રામ પંચાયતના હોદ્દેદારો કે અધિકારીઓ કે પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ દ્વારા કોઈ પણ પ્રકારની કામગીરી કરવામાં આવતી નથી. જેના કારણે અધિકારીઓની કામગીરી નિષ્ક્રિય જોવા મળી રહી છે.

ચોમાસાની ઋતુમાં પણ નગરવાસીઓ પાણીની તંગીનો સામનો કરી રહ્યા છે ત્યારે આ સમસ્યાનું નિરાકરણ લાવવામાં સત્તાધીશોની સક્ષમ નથી કે કેમ તે પ્રશ્ન લોકોને પૂછી રહ્યા છે. સમસ્યાને લઈ ગ્રામજનોને પૂરતું પાણી મળી રહ્યું નથી. આ સમસ્યાને લઈને નગરજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# બહારનો નહીં જોઈએ: હાટ બજારોને લઈ મંદી સર્જાતાં પારડીમાં વેપારીઓનો વિરોધ

**3 હાટ** બજારની એનઓસી રદ કરવા મામલતદાર, પ્રાંત અને પાલિકાને આવેદનપત્ર આપ્યું


અમૃત પટેલ

પારડી: હાટ બજારને લઈ મંદી સર્જાતી હોય જે વિરોધ દર્શાવી પારડી વેપારી મંડળ દ્વારા પારડી મામલતદાર, પ્રાંત અને પાલિકામાં આવેદનપત્ર આપ્યું હતું. વેપારીઓ ટેક્સ ભરતા હોય અને સામી દિવાળીએ વેપારીઓના હિતમાં હાટ બજાર બંધ કરવામાં આવે અને હાટ બજારની એનઓસી રદ કરવામાં આવે તેવી માંગ સાથે આવેદનપત્ર આપ્યું હતું.

પારડી પ્રાંત અધિકારીની કચેરી અને મામલતદાર કચેરી, નગરપાલિકાને પારડી વેપારી મંડળના પ્રમુખ ભરતભાઈ વોહરા, ઉપપ્રમુખ દેવેશભાઈ રાજભોઈ, સેક્રેટરી અમિત રાણા, જીગ્નેશભાઈ રાણા સહિતના વેપારીઓએ આવેદનપત્ર આપી પારડીના જુદા-જુદા વિસ્તારોમાં શરૂ કરવામાં આવેલ ત્રણ જગ્યાએ હાટ બજારની નગરપાલિકાએ આપેલી એનઓસી રદ કરવામાં આવે એવી ચીફ ઓફિસરને માંગણી કરી હતી. અમિત રાણાએ જણાવ્યું હતું કે પારડી બજારના વેપારીઓ દરેક પ્રકારના ટેક્સ ભરતા હોય અને લાઈટ બિલ, પ્રોફેશનલ ટેક્સ પણ નગરપાલિકાને ભરતા હોય ત્યારે બહાર ગામના વેપારીઓ હાટ બજારમાં ધંધો કરશે તો પારડીના વેપારીઓને નુકસાન થશે હોવાનું જણાવ્યું હતું. હાટ બજાર દર રવિવારે, ગુજરાતી સ્કૂલ પાસે, ચીવલ રોડ પર આમ 3 સ્થળોએ હાટ બજાર ભરાતા વેપારી મંડળે વિરોધ નોંધાવી તંત્ર પાસે વેપારીના હિતમાં નિર્ણય લેવા માંગ કરી હતી.

## નોગામા ધોડિયાવાડથી દારૂ ભરેલી કાર ઝડપાઈ, બે વોન્ટેડ

નવસારી, ધેજ: ચીખલી પોલીસે બાતમીના આધારે નોગામાં ગામેથી કારમાંથી ૮૬,૪૦૦ રૂપિયાનો વિદેશી દારૂ અને કાર મળી ૪.૮૬ લાખનો મુદ્દામાલ કબજે કરી બેને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસ પેટ્રોલિંગમાં હતી. ત્યારે બાતમીના આધારે તાલુકાના નોગામા ધોડીયાવાડ ખાતે છાપો મારતા ઘટના સ્થળ ઉપરથી એક બિનવારસી હાલતમાં ઈનોવા કાર નંબર જીજે ૧૯ એમ ૯૮૧૫ મળતા તેમાં તપાસ કરતાં કારમાંથી વગર પાસ પરમિટ વિનાનો ભારતીય બનાવટની વિદેશી દારૂની 86,400ની કુલ બોટલ નંગ ૪૮૯ મળી આવી હતી. પોલીસે 4 લાખની કાર અને દારુ મળી કુલ ૪,૮૬,૪૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. દારૂનો જથ્થો કાર્તિંગ કરવાના હેતુથી કારમાં ભરીને રાખ્યો હતો. ઉપરોક્ત ગુનામાં પોલીસે જીગર ઉર્ફે કાલુ લાલજીભાઈ પટેલ અને વિનોદ લાલજીભાઈ પટેલ (બંને રહે., નોગામા ધોડીયાવાડ ફળિયા, તા. ચીખલી, જિ. નવસારી)ને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ ધરી હતી.

# ધરમપુરમાં તહેવારોના દિવસોમાં જ ગેસ સિલિન્ડરની અછત વર્તાતાં ભારે હાલાકી

**તાકીદે** સમસ્યા નીવારવા તાલુકા પંચાયતના સભ્યની એજન્સીને રજૂઆત, અન્યથા તાળાબંધીની ચીમકી


આસીફ શેખ

ધરમપુર: ધરમપુર તાલુકાના હાથીખાના વિસ્તારમાં આવેલી એચપી ગેસ એજન્સીમાં છેલ્લા ઘણાં દિવસથી ગેસના બાટલા નહીં મળવાને કારણે અનેક લોકોએ હાલાકી ભોગવવી પડી રહી છે. વળી આ ગેસના બાટલા મેળવવા માટે વહેલી સવારથી જ લાંબી કતારો લાગી રહી છે અને લોકોને ભારે તડકામાં ઉભા રહેવાની ફરજ પડી હતી.

વાસંદા ચીખલીના ધારાસભ્ય અનંત પટેલના માર્ગદર્શન હેઠળ તા. પંચાયતના સભ્ય કલપેશ પટેલે એચપી ગેસ એજન્સીની મુલાકાત લઇ લોકોને પડતી હાલાકી બાબતે પ્રાંત કલેક્ટર ધરમપુર વલસાડ તથા ધરમપુર ડિસ્ટ્રીક સપ્લાય ઓફિસર વલસાડને લેખિતમાં ફરિયાદ કરી ગેસનાં બાટલા લોકોને સહેલાઈથી મળે એ માટે રજુઆત કરી હતી.

હાલમાં તહેવારો ચાલી રહ્યા હોવાથી ધરમપુરની એચપી ગેસ એજન્સીમાં છેલ્લા અઠવાડીયાથી ગેસ સિલિન્ડરની અછત વર્તાતા લોકોને હાલાકી ભોગવવી પડે છે.

આદિવાસી વિસ્તારના લોકો રોજીંદી મહેનત કરીને માંડ પૈસા ભેગા કરીને પેટીયું રળતાં હોય છે, ત્યારે આદિવાસી વિસ્તારમાં સિલિન્ડર જો સમયસર ન મળે તો એમણે ક્યાં જવું એ પ્રશ્નો ઉભાં થઇ રહ્યા છે. આ સમસ્યાનું તાત્કાલિક નિરાકરણ ન આવે તો આગામી દિવસોમાં લોકહિતને ધ્યાનમાં રાખીને આ ગેસ એજન્સીને તાળાબંધીની ચીમકી આપી હતી.

### બે-ત્રણ દિવસમાં ગેસના બાટલાનો પુરવઠો આવી જશે

ધરમપુર હાથીખાના વિસ્તારમાં આવેલી એચપી ગેસ એજન્સીના સંચાલક મુકેશભાઈ પટેલે ગેસનાં બાટલાની ગાડી આવતી ન હોવાથી અછત વર્તાઈ હોવાનું જણાવ્યું હતું તેમજ બે-ત્રણ દિવસમાં ગેસનાં બાટલાનો પુરવઠો આવી જવાની ખાતરી આપી હતી.

# સેલવાસ આમલી ગાયત્રી મંદિર પાસે થનાર મેળાના કારણે ટ્રાફિક જામ થવાની શક્યતા

**પ્રશાસન** દ્વારા ટ્રાફિક અને પાર્કિંગ વ્યવસ્થાને ધ્યાનમાં લઈને પછી જ મેળાની પરવાનગી આપવા માંગ

વાપી: સેલવાસ આમલી ગાયત્રી મંદિર પાસે મોટી સંખ્યામાં લોકો ઉમટે છે, પરંતુ પાર્કિંગની યોગ્ય સુવિધાઓના અભાવને કારણે લોકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. આમલી ફુવારા પાસે દરરોજ સાંજે ટ્રાફિક જામ થતો હોય છે ત્યારે અહીં જો મેળાની પરવાનગી આપવામાં આવે તો ટ્રાફિકની સમસ્યા વકરી શકે છે. આમલી ચાર રસ્તા પાસે સાંજના સમયે ટ્રાફિક મુશ્કેલ બની જાય છે. મેળાના સ્થળ પાસે આયોજકો દ્વારા પાર્કિંગ માટે કોઈ વિશિષ્ટ વ્યવસ્થા નથી જેના કારણે લોકો તેમના વાહનો મુખ્ય માર્ગો પર જ પાર્ક કરવામાં આવતા હોય છે. આથી ટ્રાફિક જામ થવાની સમસ્યા ઉપર દુકાળમાં અધિક માસ જેવી પરિસ્થિતિ સર્જાશે.

આ મેળાની પરવાનગી હજુ સુધી મળી નથી અને મેળો ક્યારથી શરૂ થશે એ પણ હજુ નક્કી નથી ત્યારે દાનહ ટ્રાફિક વિભાગ અને પોલીસ વિભાગ દ્વારા કાનૂન વ્યવસ્થા અને ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે એ માટે આ મેળાને અન્ય સ્થળે ખસેડવામાં આવે એવી માંગ રાહદારીઓ કરી રહ્યા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ઓંજલ માછીવાડ ગામની વિદ્યામંદિર પ્રા.શાળાએ મોબાઈલ રેડિએશન કૃતિમાં પ્રથમ ક્રમ મેળવ્યો



નવસારી: ગત 5મી ઓક્ટોબરના રોજ જલાલપોર તાલુકાના પેથાણ ગામે આવેલી માતૃશ્રી એમ.યુ. સાર્વજનિક હાઇસ્કુલમાં બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બ્લોક કક્ષાના જલાલપોર તાલુકાના ઓંજલ માછીવાડ પ્રાથમિક શાળાના બાળ વૈજ્ઞાનિકોએ વિભાગ-1માં મોબાઈલ રેડિએશન કૃતિમાં પ્રથમ ક્રમ મેળવી શાળાનું નામ રોશન કર્યું હતું. જે બદલ શાળાના આચાર્ય જયેશભાઈ, એસ.એમ.સી. સભ્યો, શાળા પરિવાર માર્ગદર્શક વિજ્ઞાન શિક્ષક કલ્પેશભાઈ, બાળ વૈજ્ઞાનિકો મહેક ટંડેલ અને રાગ ટંડેલને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

### ખેરગામ જાયન્ટ્સ ગ્રુપના પ્રમુખપદે મુસ્તનશીર વ્હોરાની વરણી



ખેરગામ: ખેરગામ જાયન્ટ્સ ગ્રુપનો શનિવારે રામજી મંદિર હોલમાં પદગ્રહણ વિધિ સમારોહ યોજાયો હતો. જેમાં પ્રમુખપદે મુસ્તનશીર વ્હોરા, ઉપપ્રમુખપદે શૈલેષ ટેલર અને હર્ષદ આહીર, સેક્રેટરી ડો. પંકજ પટેલ, જોઈન્ટ સેક્રેટરી નરેશભાઈ આહીર, ખજાનચી તપનકુમાર ગજ્જર અને સહ ખજાનચી આશિષ દેસાઈની વરણી કરાઈ હતી. આ પ્રસંગે જાયન્ટ્સ ફેડરેશનનાં અગ્રણી વિજય પટેલ, અનિલ રાવલ, પ્રો.બી.એચ. પટેલ, સુમંતરાય પટેલ, ગિરીશ પટેલ, હરીશ ટંડેલ, ફિરોજ વરીયાવા સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. જાણીતા કથાકાર પ્રફુલ શુકલાએ જાયંટ્સ ગ્રુપને સેવાકીય માનવતાને બિરદાવી આશીર્વાદ પાઠવ્યા હતા.

### વાંસદા તાલુકા કક્ષાનો બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન કાર્યક્રમ કેલિયા ખાતે યોજાયો


નિલેશ કાપડિયા

વાંસદા: વાંસદા તાલુકાની પ્રાથમિક શાળાઓમાં બાળ વૈજ્ઞાનિકો દ્વારા કેલિયા પ્રા. શાળામાં પ્રદર્શન ધારાસભ્ય અનંત પટેલની ઉપસ્થિતિમાં રાખવામાં આવ્યું હતું. જેમાં જુદી જુદી પ્રા. શાળાઓમાંથી ૮૪ જેટલી કૃતીઓ પ્રદર્શન માટે મૂકવામાં આવી હતી. અને કેલીયા પ્રા.શાળાના નવનિર્માણ પામેલ મકાનનું લોકાર્પણ ધારાસભ્ય અનંત પટેલ અને તા. પં. પ્રમુખ દીપ્તિબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત પ્રાંત અધિકારીએ ડો. અબ્દુલ કલામની જેમ બાળકો આગળ વધે અને સારા વૈજ્ઞાનિક બને એવી શુભેચ્છાઓ આપી હતી. આ પ્રસંગે જિ. ઉપપ્રમુખ અંબાબેન, તાલુકા પં. પ્રમુખ દિપ્તીબેન પટેલ, ગામના સરપંચ રાધાબેન, તા. શિક્ષણ અધિકારી, જિ. શિક્ષણ અધિકારી, નવીન પટેલ, તા.સભ્ય યોગેશભાઈ, ચંદુભાઈ, દશરથભાઈ, માધુભાઈ, પ્રફુલ્લભાઇ, મણીભાઈ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

### ગુરૂકુલ વિદ્યામંદિર સુપા ખાતે ભારત વિકાસ પ્રતિજ્ઞાની ઉજવણી કરાઈ



નવસારી: નવસારીના સુપા ગામે આવેલા ગુરૂકુલ વિદ્યામંદિરમાં વિકાસ સપ્તાહની ઉજવણી થઈ હતી. આચાર્ય પરેશભાઇ દેસાઈએ જણાવ્યું હતું કે, આ વિકાસ સપ્તાહ માત્ર ઉદ્યોગ અને વિકાસના આધુનિક સ્વરૂપોની ઉજવણી નથી, પરંતુ ગુજરાત અને ભારતના સાંસ્કૃતિક વારસાનું જતન અને સમર્થન કરવાનો એક મહાન અવસર છે. વિદ્યાર્થીઓએ અને શિક્ષક મંડળે ભારત અને ગુજરાતના સાંસ્કૃતિક વારસાના જતન અને વિકાસમાં યોગદાન આપવા માટે પ્રતિજ્ઞા લીધી હતી. ગુરૂકુળના કેમ્પસ ડાયરેક્ટર ડો. ચંદ્રગુપ્તજી અને સહ કેમ્પસ ડાયરેક્ટર સુરેશ રત્નાણીએ શુભેચ્છા આપી હતી. જિલ્લા શિક્ષણ અધિકારી જયેશ ચૌધરીએ વિદ્યાર્થીઓ અને કર્મચારીઓના ઉત્સાહ અને પ્રતિબદ્ધતાની સરાહના કરી હતી.

### આછવણીના પ્રગટેશ્વર ધામ દ્વારા સપ્તશૃંગી માતાના ગઢમાં પાંચમા નોરતે નવકુંડી નવચંડી યજ્ઞ કરાયો



ખેરગામ: ખેરગામના આછવણીના પ્રગટેશ્વર ધામ દ્વારા ધર્માચાર્ય પરભુદાદા અને રમાબાના સાનિધ્યમાં સપ્તશૃંગી માતાના ગઢમાં પાંચમા નોરતે નવકુંડી નવચંડી યજ્ઞ કરાયો હતો. આ સાથે રમાબાનો જન્મ દિવસ પણ આવતાં તેની પણ ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી. યજ્ઞના દિવસે શિવપરિવારવતી ધર્માચાર્ય પરભુદાદાના પુત્રી સીતાબેન પટેલ અને જમાઇ મહેશભાઇ પટેલે સપ્તશૃંગી માતાજીની મંગળા આરતી ઉતારી હતી. તેમની સાથે શિવ પરિવારના અપ્પુભાઇ પટેલ અને પ્રકૃતિબેન પટેલ તેમજ તુષાર ઉફાડે ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે પ્રગટેશ્વર સેવા સમિતિ મહારાષ્ટ્ર પ્રમુખ આર.કે.ખાંદવે, ગુજરાત મંત્રી હેમંતભાઇ પટેલ, ખજાનચી અમીતભાઇ પટેલ, મહિલા પ્રમુખ સીતાબેન પટેલ, ગુજરાત શિવ પરિવારના અપ્પુભાઇ પટેલ, વિપુલભાઇ પાંચાલ, પ્રવિણભાઇ પટેલ, પ્રવિણભાઇ મિસ્ત્રી, કાંતિભાઇ દમણીયા, ભાવેશભાઇ પટેલ, મહારાષ્ટ્ર શિવ પરિવારના યોગેશભાઇ ખાંદવે, પાંડુરંગ માતેરે, રમેશ દિઘે સહિત ગુજરાત મહારાષ્ટ્ર શિવ પરિવાર મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સપ્તશૃંગી માતાના આશીર્વાદ મેળવ્યા હતા.

### નવસારી કરુણા એમ્બ્યુલન્સનાં સાત વર્ષ પૂર્ણ થતાં ઉજવણી કરાઇ




નવસારી: નવસારી જિલ્લાના સિટી એરિયા માટેની ઇએમઆરઆઇ ગ્રીન હેલ્થ સર્વિસની કરુણા એમ્બ્યુલન્સ 1962 ને 6ઠ્ઠી ઓક્ટોબરના રોજ 7 વર્ષ પૂર્ણ કર્યા છે. આ 7 વર્ષમાં અબોલ અને બિનવારસી અને નિરાધાર પશુઓની નિ:શુલ્ક સારવાર કરી કુલ 15,985 જેટલા પશુ અને પક્ષીઓના અમૂલ્ય જીવ બચાવવામાં આવ્યા હતાં. આ અવસરે નવસારી જિલ્લાના ડી.એ.એચ.ઓ. એમ.સી. પટેલના હસ્તે કેક કાપી ઉજવણી કરવામાં આવી હતી. કરુણા એમ્બ્યુલન્સના વેટરનરી ડો. સાઉલ પટેલ તથા પાયલોટ સ્ટાફ મહેશભાઈ ચોહાણ, પ્રદીપભાઇ અને જિલ્લા પ્રોજેક્ટ કોર્ડીનેટર નિરવ પ્રજાપતિ અને તાલુકાના ડોક્ટર સાથે રહીને 7 વર્ષ પુરા થયાની કેક કાપી ઉજવણી કરવામાં આવી હતી.